# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/334 Dt. 13/02/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ફાઇનાન્સિયલ પ્લાનિંગ વિષે લાઇવ પ્રેક્ટિકલ વર્કશોપ યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ફાઇનાન્સિયલ પ્લાનિંગ વિષે લાઇવ પ્રેક્ટિકલ વર્કશોપ યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે પિરામિડ વેલ્થ ડિસ્ટ્રિબ્યુટર્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ અને પિરામિડ સ્ટ્રેટેજિક એડવાઇઝર્સના સીઈઓ CMA શ્રી જૈમિન શેઠે પ્રેક્ટિકલ ઉદાહરણો દ્વારા વ્યક્તિગત નાણાકીય આયોજનના મહત્વ પર પ્રકાશ પાડયો હતો.

મુખ્ય વક્તા CMA શ્રી જૈમિન શેઠે પ્રેક્ટિકલ ઉદાહરણો દ્વારા બજેટિંગ, ઇમરજન્સી ફંડ, ઇન્શ્યોરન્સ કવર, વિવિધ રોકાણ વિકલ્પો, એસેટ એલોકેશન અને લાંબા ગાળાના સંપત્તિ નિર્માણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને તેમણે યુવાનોને વહેલી વયે નાણાકીય આયોજન શરૂ કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે, ડિસિપ્લિન અને લાંબા ગાળાનું પ્લાનિંગ સફળ નાણાકીય આયોજનના બે મુખ્ય સ્તંભ છે. રોકાણકારોએ ટૂંકાગાળાના લાભની લાલચમાં ખોટા નિર્ણયો લેવાથી બચવું જોઈએ અને પોતાની જોખમ લેવાની સહનશક્તિ અનુસાર રોકાણ કરવું જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, ફાઇનાન્સિયલ પ્લાનિંગ માત્ર પૈસા બચાવવાનો વિષય નથી, પરંતુ જીવનના વિવિધ તબક્કાઓ માટે સુવ્યવસ્થિત આયોજન કરવાની પ્રક્રિયા છે. યોગ્ય આયોજન દ્વારા વ્યક્તિ આર્થિક અનિશ્ચિતતાઓનો સામનો આત્મવિશ્વાસ સાથે કરી શકે છે. આજના સમયમાં વધતી મોંઘવારી અને બદલાતી

આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત રોકાણ અને નિયમિત રિવ્યૂ અત્યંત જરૂરી છે. માત્ર આવક વધારવી પૂરતી નથી, પરંતુ યોગ્ય દિશામાં રોકાણ કરીને સંપત્તિનું સર્જન કરવું મહત્વનું છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન શ્રી હાશિમ યાકૂબઅલીએ વકતાનો પરિચય આપ્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી કેતન દલાલે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગી, ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો અને યુવાનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સભ્યો સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ફાઇનાન્સિયલ પ્લાનિંગ સંબંધિત વિવિધ પ્રશ્નોના વકતાએ જવાબો આપી ઉપસ્થિતોને માર્ગદર્શન આપ્યું હતું.